GJVD020754422026

**મહે. ૨૭માં એડીશ્નલ ચીફ જયુડશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.**

ફોજદારી કેસ નંબર : ૭૧૯૫૦ – ૨૦૨૬
આંક :

ફરિયાદી :– સરકારશ્રી
વિ.
આરોપી :–

**ગુનો :– બી.એન.એસ.ની કલપ–૨૮૧ (જુનો કાયદો : આઈ.પી.સી. ની કલમ ૨૭૯)**

---

**:: ઠરાવ ::**

૧. આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આરોપીએ પોતાનું વાહન પૂર–ઝડપે, ભેદરકારીથી ચલાવી વાહનને નુકસાન કરેલ. જેથી તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આ કામના આરોપી વિરુધ્ધ ઉપરોકત કલમો આરોપી સામે કોર્ટમાં ચાર્જ–શીટ દાખલ કરેલું.

૨. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી. આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી,સંભળાવી,સમજાવતા આરોપીએ તેઓની વિરુધ્ધના ગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરી જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને દયા બતાવવા વિનંતી કરી છે.

૩. આરોપીની વય, કોર્ટ સમક્ષ દયાની માંગણી, કેસના સંજોગો લક્ષમા લીધા. આરોપીનો પ્રથમ ગુનો છે, આરોપી ગુનામાં અગાઉ સંડોવાયેલ છે તેવો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી, **માન. ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરભાઈ હરીચંદ્રજી ઠાકોર** ના કેસમા એવો સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યજબી કારણો હોઈ તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચે ની

અદાલતમા કાયદામાં નકકી કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની મેજીસ્ટ્રેટને સત્તા છે. આમ સદરહુ ચુકાદાના પાના નંબર ૭૨૧ ઉપર પેરા ૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો હાલના આરોપીના કેસને મદદરૂપ થતો હોઈ તેમ જણાઈ છે, જેથી આરોપીની સ્થિતિ, સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ મહત્તમ સજા કરતા ન્યુનતમ સજા કરવા માટેના વ્યાજબી અને વિશીષ્ટ કારણો જણાઈ છે. જેથી ઓછામાં ઓછી સજા તથા દંડ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

તહોમતદારને બી.એન.એસ.એસ. ની જોગવાઈ અન્વયે **બી.એન.એસ. ની કલમ- ૨૮૧ (જૂનો કાયદો : આઈ.પી.સી. ની કલમ- ૨૭૯)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી **રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ** કરવામા આવે છે. આરોપી જો દંડ ના ભરે તો **દિન-૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ આ હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- વડોદરા.
તારીખ :- ૧૪/૦૩/૨૦૨૬

(મિતેશ બી. મહેતા)
૨૭માં એડી. ચીફ જ્યુડી. મેજી.,
વડોદરા.
કોડ: જીજે-૦૧૩૭૬